# વાર્તામેળો-૫

**વિદ્યાર્થીઓ અને શિક્ષકોની કલમે વહેતી વાર્તાઓ**

**સંપાદક**

**દર્શા કિકાણી**

ZCAD PUBLICATION
write your dreams, we will publish

**VARTAMALO-5**

Complied by DARSHA KIKANI

ZCAD PUBLICATION, AHMEDABAD

# હાફ ચોકલેટ

**વંદિત શાહ**

ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ

મોનુ દિપના હાથમાં કેટબરી ચોકલેટ જોઈ દોડતો મમ્મી પાસે આવ્યો. ''મમ્મી મને પણ ચોકલેટ ખાવી છે.'' રમીલા એટલા નાના છોકરાને કેમ કરીને સમજાવે કે... એ એમની હેસીયત બહાર વાત હતી. બે ટંક ખાવાના ફાંફા હતા ત્યાં મોંઘી ચોકલેટ ક્યાંથી અપાવે... એમણે વિચાર કરી મોનુંને કહ્યું, ''બેટા...! એ આપણે ન ખવાય. એનાથી આપણા દાંત સડી જાય અને આપણું સ્વાસ્થ્ય બગડે.''

ભોળો મોનુ માની તો ગયો પણ હજુ તેનો સવાલ પૂરો થયો ન હતો. તેણે ફરી બીજો સવાલ કર્યો. પણ મમ્મી દિપને તો કશુંય ના થયું એ તો ચોકલેટ ખાય છે. રમીલા હવે શું જવાબ આપે ? પરંતુ મોનુને સમજાવો તો પડે. રમીલાએ મોનુંને સમજાવ્યું કે જો બેટા ! આપણે ગરીબ માણસ આપણે બે ટાઈમ ખાવાના વાંધા હોય ત્યાં હું ચોકલેટ અપાવુ અને ખાધા પછી તારું સ્વાસ્થ્ય બગડે, શરદી થાય, દાંત સડે તો દવાના પૈસા ક્યાંથી લાવું ? મોનુ નાનો હતો તો પણ આટલામાં બધુ સમજી ગયો હોય તેમ આંસુ ભરી નજરે પેટ પર હાથ ફેરવતો મમ્મીને જોઈને બોલ્યો... ''પણ મમ્મી મને ભૂખ લાગી છે.'' રમીલાએ શેઠાણીએ આપેલું પ્લાસ્ટીકનું ઝબલુ ખોલ્યું અને તેમાંથી વાસી રોટલી અને રાતનું વધેલું શાક મોનુને ખાવા આપ્યું.

મોનુ પણ માંના એ પ્રેમ ભર્યા સ્પર્શમાં વાસી રોટલીમાં ચોકલેટનો સ્વાદ આવતો હોય તેમ માની ખાવા લાગ્યો. એટલામાં રમીલાએ શેઠાણીની બુમ સાંભળી.

રમીલા... ઓ રમીલા..! ક્યાં મરી ગઈ ? જરા પલંગ નીચેથી સરખા કચરા કાઢ. એક નંબરની આળસુ થઈ ગઈ છે. બસ મફતનો પગાર ને રોટલા ખાવા..! શેઠાણી સવીતાબેનનો અવાજ આવતા રમીલા એના ચાર દીકરાને જમાડતી રસોડામાંથી ઝાડુ

લઈને દોડતી આવી. સવીતાબહેનનો દીકરો અનો રમીલાનો મોનુ સરખી ઉંમરના, ેટલે રમીલા કામ કરવા આવે ત્યારે દીકરા મોનુને સાથે લઈ આવે. બંને સાથે રમે તેટલી વારમાં રમીલાને કામ થઈ જાય. જે વાંસી કે પડેલું ખાવાનું શેઠાણી આપે તે માં-દીકરો ખાઈલે.

રમીલા કામ કરવા ઊભી થઈ જતા મોનુનું જમવાનું અધુરું રહ્યું. એ રસોડાના બારણે ઊભો રહી જોવા લાગ્યો. દિપ (સવિતાબેનનો દીકરો) ચોકલેટ ખાતો હતો તેણે અડધી ચોકલેટ ખાઈ બાકીની અડધી ચોકલેટ ત્યાં ટેબલ પર મુકી અન બહાર રમવા ગયો. મોનુ અબુધ બાળક તેની ઈચ્છાને ન રોકી શક્યો. અને તે અડધી પડેલી ચોકલેટ લઈ અને ખાઈ ગયો. થોડીવારમાં દીપ પાછો આવીને ચોકલેટ શોધવા લાગ્યો. ટેબલ પર, સોફા પર, રસોડામાં બધેજ શોધી પરંતુ ચોકલેટ ક્યાંય ન મળી. દીપ ચોકલેટ ન મળતાં રડવા લાગ્યો. શેઠાણી અને રમીલાએ દીપને બોવ મનાવ્યો પણ એ ના જ માન્યો. તેણે તો જીદ પકડી ‘‘મારે એ જ અડધી ચોકલેટ જોઈએ.’’ આખું ઘર માથે લીધું.

એટલામાં રમીલાની નજર મોનુ પર પડી મોનુ બગીચામાં ખુશ ખુશાળ રમતો હતો. રમીલા મોનુ પાસે ગઈ મોનુના મોઢામાં કંઈક હતું. અરે ! આતો એ જ ચોકલેટ હતી. શેઠાણીએ પણ આ જોયુ અને રમીલાના તો હાથ-પગ ડરના માર્યા ધ્રુજવા લાગ્યા. ભલે અડધી ચોકલેટ પણ ચોરી તો હતી ને ! શેઠાણીના ડરથી એની આંખમાં જળજળીયા આવી ગયા. શેઠાણી સામે હાથ જોડી માફી માગવા લાગી. પરંતુ શેઠાણી ગુસ્સામાં હતા. તેમણે મોનુને બાવડુ પકડી માર માર્યો. રમીલા વચ્ચે પડતા તેને પણ ધક્કો માર્યો અને આ બધી રમઝટમાં રમીલાનું માથું ઓટલા સાથે અથડાયું લોહી વહેવા લાગ્યું. મોનુ ખુબ રડ્યો માફી માંગી પણ શેઠાણીએ બંનેને કાઢી મૂક્યા. રમીલા અને મોનુ લથડાતા પગે ફાટેલા સાડલાનો છેડો કપાળે રાખી ઘરે પહોંચ્યા.

હવે કામ તો રહ્યું ન હતું. રમીલાના માથાનો ઘા ઉંડો થતો જતો હતો. દવાના પૈસા ન હતા.

બાજુમાં રહેતા ગોપાલભાઈ થોડી-થોડી મદદ કરતા હતા. એટલે બંનેનું એક ટાઈમનું ખાવાનું થઈ જતું હતું. ધીરે ધીરે રમીલાનો ઘા ખૂબ વધી ગયો. પીડા સહન ન થતા રમીલા સ્વર્ગ સીધાવી.

મોનુ એકલો થઈ ગયો. ખૂબ રડ્યો. એને એ અડધી ચોકલેટની ખૂબ મોટી કિંમત ચૂકવવી પડી હતી. એની માં છીનવાઈ ગઈ હતી. ભગવાનના આ અન્યાય બદલ મનોમન ભગવાન સામે લડતો.

મોનુએ નક્કી કર્યું હવે તે ધનવાન બનશે પછી ચોકલેટ ખાશે. અને એ અડધી ચોકલેટ દીપનું ઋણ ચુકવશે. નાનો મોનુ સમય અને પરિસ્થિતિ મુજબ ખૂબજ સમજણો થઈ ગયો હતો. મોનુ ગોપાલભાઈની સાથે રહીને તેની ભાગની લારીમાં કામ કરતો. ગોપાલભાઈ તેનું જમવાનું-રહેવાનું ધ્યાન રાખતા. ગોપાલભાઈ ખુબ સજ્જન માણસ હતા. દયાળુ હતા. પૈસા વાપરવા મોનુને આપતા. મોનુ હવે દસ વર્ષનો થઈ ગયો હતો. પરંતુ તેની સમજણ શક્તિ વીસ વર્ષના યુવાન જેવી હતી. તેણે નાની ઉંમરમાં ઘણું દુઃખ જોયું હતું. ગોપાલભાઈનો સહારો ના હોત તો તે પણ કદાચ જીવી ના શક્યો હોત.

મોનુએ હવે ગોપાલભાઈના ધંધામાં ધ્યાન આપી આગળ વધવાનું નક્કી કર્યું. ધીરે ધીરે બજારમાં જતો થયો. ઓળખાણો થઈ ધંધો વધ્યો. મોનુએ ચોકલેટના ધંધામાં જ આગળ વધવું હતું. એને અડધી ચોકલેટનું ઋણ ચુકવવું હતું. અને માની પીડા .......... ગાલ પર પડેલી શેઠાણીના હાથની છાપ હજુ ભૂંસાઈ ન હતી.

મોનુની કિસ્તમે તેનો સાથ દીધો. મોનુ બાવીસ વર્ષની ઉંમરમાં ખુબ સફળ વેપારી બન્યો. આજે તેની ત્રણ-ચાર ચોકલેટની શોપ છે. હવે ત એક નવું સાહસ કરવા જઈ રહ્યો હતો.

બ્રાહ્મણોના મંત્રોચ્ચારના અવાજો આવી રહ્યા હતા. મોનુ પણ લાલ કુર્તો, સોનેરી સલવાર અને જામેવારી દુપટ્ટો નાખી એક રાજકુમાર જેવો શોભી રહ્યો હતો. ભગવાનની પુજા વીધી ચાલી રહી હતી. ત્યાંજ દરવાજા પર એક સ્કોડા ગાડી આવી ઊભી રહી. એમાંથી એક પીસ્તાલીશ વર્ષની લાગતી સ્ત્રી અને એક બાવીસેક વર્ષનો લાગતો યુવાન ઉતર્યા.

મોનુ એકાએક પુજામાંથી ઊભો થઈ બંને પાસે ગયો અને બંનેને આદરથી આવકાર્યા. અને પેલી સ્ત્રીના પગે પડી આશીર્વાદ માંગ્યા. અને કહ્યું કે, ‘‘તમે ઓળખ્યો મને ? હું રમીલાનો મોનુ. આજે તમારા કારણે હું આટલું સફળ થયો છું. તમે તે દિવસે માર ના માર્યો હોત તો હું અહીં સુધી પહોંચી શક્યો ન હોત. આજે ‘‘હાફ ચોકલેટ’’ નામની ફેક્ટરી શરૂ કરવા જઈ રહ્યો છું. તો તમે તમારા હાથે આ ફેક્ટરીનું ઉદઘાટન કરશો તો મારું એ દિવસનું ચોકલેટ ખાવાનું ઋણ ઉતરી જશે.’’ આ સાંભળી શેઠાણી સવીતા અને દીપ બંનેની આંખમાં આંસુ આવી ગયા. અને અશ્રુભીની આંખો સાથે ફેક્ટરીનું ઉદઘાટન કર્યું. મોનુએ બંનેના આંસુ લુછતાં દીપના હાથમાં એક બોક્સ મુક્યું. જેમાં ચોકલેટ હતી. બોક્સની ઉપરના ભાગે એક નાનુ પેકેટ હતું. એ દીપે ખોલ્યું તેમાં એક અડધી ચોકલેટ હતી. એ અડધી ચોકલેટના બે ટુકડા કરી દીપે એક ટુકડો પોતાના હાથે મોનુના મોમાં મુક્યો અને બંને એકબીજાને ભેટી પડ્યા. અને બધાની આંખમાં આંસુ હતા. પછી સવીતા અને દીપને મોનુ પોતે ગાડી પાસે મુકવા ગયો.

આજે બધા ખુશ હતા. જે થાય એ સારારે માટે થાય એ કહેવત સાચી કરી. પરંતુ સાથે દ્દઢ સંકલ્પશક્તિ અને પરિશ્રમનું પરિણામ ઉત્તમ જ હોય એ પણ જાણવા મળ્યું.